## જન્મદિને વધામણી



**રાહુલ મહેતા**
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
અગ્રણી ઉદ્યોગપતિ
ગાંધીનગર
મો. ૯૯૭૪૦ ૯૯૮૦૨



**તૃષાબેન વ્યાસ**
ડ્રોઇંગ-આર્ટ શિક્ષક
ઈન્ફોસિટી જુનિયર
સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૧ ૧૫૯૮૬



**ન્યાલચંદ ડી ચંદન**
કારોબારી સભ્ય
જલારામ સેવા સમાજ



**પ્રવીણાબેન ગામીત**
સહ ખજાનચી,
જ્યોતિ મહિલા મંડળ



**પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસાર**
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪



**હેતકુમાર મુકેશ પરમાર**
મો. ૯૭૧૪૯ ૯૮૭૦૮



**ભાગ્ય સુહાગ વોરા**
મો. ૯૦૯૯૦ ૩૧૯૧૪




**ધ્યેય જાની**
મો. ૯૪૨૮૮ ૦૩૦૨૯

### આહીર યુવાએ 'સૌરાષ્ટ્રની રંગધાર' શૃંખલા તૈયાર કરીને

# સૌરાષ્ટ્રની ખેતી-પશુપાલનની ગ્રામ્ય સંસ્કૃતિને કેનવાસ પર કંડારી







આપણે સૌ સૌરાષ્ટ્રની સંસ્કૃતિ પર પ્રકાશ પાડતું ઝવેરચંદ મેઘાણી લિખિત 'સૌરાષ્ટ્રની રસધાર' વિષે તો સારી રીતે જાણીએ છીએ. મેઘાણીની કલમ લિખિત આ પુસ્તકમાં સૌરાષ્ટ્રની ભાતીગળ અને ખમીરવંતી સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી છે. પરંતુ આજે આપણે સૌરાષ્ટ્રની ગ્રામ્ય સંસ્કૃતિને ચિત્રો મારફત ઉજાગર કરવાના એક અદ્દભૂત પ્રયાસ - 'સૌરાષ્ટ્રની રંગધાર' વિષે વાત કરવાની છે. આહીર યુવાન સામત બેલાએ પોતાની અદ્દભૂત ચિત્રકારીથી 'સૌરાષ્ટ્રની રંગધાર' ની આખી સીરીઝ તૈયાર કરી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ, ઉતર-દક્ષિણ ગુજરાતની આગવી સંસ્કૃતિ, રીત રીવાજો, લોકોનો સ્વભાવ અને પહેરવેશને વણી લેવામાં આવ્યા છે. જામનગર જીલ્લાના કલ્યાણપુરા તાલુકાની રીપર ગામની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપતા સામતભાઇ દ્વારા તૈયાર કરાયેલા ચિત્રો ગુજરાતની રાજધાની ગાંધીનગર સહીતના વિવિધ શહેરોમાં તેમજ રાજસ્થાન તથા દિલ્હી સુધી પ્રદર્શીત થઇ પ્રશંસા પામ્યા છે. તાજેતરમાં જ આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા તેમના ચિત્રોનું એક્ઝીબીશન ટાઉન હોલ ખાતે યોજવામાં આવતાં ખુબજ આવકાર મળ્યો હતો. તેમને પ્રદર્શન દરમ્યાન નાના મોટા એવોર્ડ પણ મળ્યા છે. તેમની આ સિધ્ધિ બદલ તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા. અમદાવાદ ખાતેના ઈન્ટરનેશનલ આર્ટ શો માં તેમને બેસ્ટ આર્ટીસ્ટનું બિરૂદ મળેલું છે. ખમીરવંતા આહીર સમાજના ખેડૂત પુત્ર અને વ્યવસાયે શિક્ષક તથા પીંછીના અદ્દભૂત કસબી એવા સામતભાઈએ કોઈ પણ આર્ટ સ્કુલમાં અભ્યાસ કર્યો નથી. છતાં તેમના ચિત્રો જોતાં કોઈ પણ વ્યક્તિના મોંઢામાંથી 'વાહ, અદ્દભૂત...!' નીકળી જાય છે. બાળપણથી ચિત્રોનો શોખ આર્ટ ટીચરની પ્રેરણાથી તેમણે આ ચિત્રો બનાવ્યા છે. તેમના આ ચિત્રો સૌરાષ્ટ્ર-કચ્છનાં ગ્રામ્ય જીવન પર આધારીત છે. જેમાં પશુપાલન તથા ખેતી સાથે સંકળાયેલા આહીર, રબારી તથા ચારણ સમાજની લાઈફ સ્ટાઈલને દર્શાવાઈ છે. ગિરના નેસડામાં વસતાં માલધારીઓ, તેમનાં ઘરનું ફુડ કલ્ચર, પશુ પ્રેમ, માલધારી બાળકોની પ્રવૃતિઓ, તેમની યુવતીઓની લાઈફ સ્ટાઈલ અને તેમનાં ખમીરને ચિત્રોમાં સમાવવાનો પ્રયાસ તેમણે કર્યો છે.

વ્યવસાયે શિક્ષક હોવા છતાં શિક્ષણ ક્ષેત્રના યોગદાન કરતાં અનેક ગણું યોગદાન કલા ક્ષેત્રે છે. ખૂબ જ ટૂંકા સમયગાળામાં કલાને તેમણે જાણે કે તેમના જીવન સાથે વણી લઈને આત્મસાત કરી છે. બાળપણથી જ ચિત્રો પ્રત્યેનો અનહદ લગાવ તથા ગામડામાં ઉછેર થયો હોવાથી સામતભાઈ ગ્રામ્ય જીવનશૈલીથી સંપૂર્ણ વાકેફ હતા. ગ્રામીણ સંસ્કૃતિને સાચવવા અને તેને દુનિયાના છેડા સુધી પહોચાડવા માટે આ તેમણે આ સંસ્કૃતિને ધબકતી રાખવા માટે કેનવાસ પર કંડારવાનું શરૂ કર્યું. ચિત્રોને અસલિયત આપવા માટે તેઓ સૌરાષ્ટ્રના આંતરિયાળ ગામડાઓમાં પણ ગયા છે. આમ-ને-આમ થોડા જ વર્ષોમાં તેમના ચિત્રો દેશની સરહદો ઓળંગી ગયા.


સૌરાષ્ટ્રની ધરતી પર જન્મયા હોવાથી ગ્રામીણ જીવન શૈલી તથા રીતભાતને ચિત્રનું સ્વરૂપ આપવું તેમના માટે સાનૂકૂળ હતું. આમ, તેમણે ''સૌરાષ્ટ્રની રંગધારા'' નામની ચિત્ર શૃંખલા શરુ કરી. જેને સમાજે ખૂબ પ્રેમભાવથી સ્વીકારી છે. ચિત્રકલામાં તેમનો સબજેક્ટ છે "realistic rural life." આમ તો તેઓ બધા જ માધ્યમમાં ચિત્રો બનાવી શકે છે. પરંતુ મોટા ભાગના ચિત્રો કેનવાસ પર ઓઈલ કલરમાં છે. સામતભાઈને લાઈવ ચિત્રો બનાવવાનો પણ બહોળો અનુભવ છે. સાસણ ગીરમાં જઈ ખુલ્લા જંગલમાં સિંહની એકદમ નજીકથી લાઈવ સ્કેચ પણ બનાવ્યા છે. તેમણે ઘણાં બધા ચિત્રો સેલ કર્યા છે. જેમાંથી અમુક ચિત્રોનું કલેક્શન અમેરિકા અને લંડનમાં પણ છે. ચિત્રોમાંથી થતી આવક તેઓ જરૂરીયાતમંદ બાળકોના શિક્ષણ માટે કરે છે.



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા મેમનગર, અમદાવાદ સ્થિત અંધપ્રકાશ કન્યા વિદ્યાલયની બાળાઓને પિત્ઝા તથા સૅન્ડવીચનો આહાર આપવામાં આવ્યો હતો. પૂર્વ પ્રમુખ સેજલબેન શાહ દ્વારા બાળાઓને આ આધુનિક ભોજન પિરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયોનેસ ચેરપર્સન ગીતાબેન ભાવસાર તથા કાશ્મીરાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રમુખ દેવલબેન જોષી, સૅક્રેટરી મિત્તલ રાણા, સેલબેન શાહ તથા ક્લબનાં સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આર એન પટેલ સ્કૂલ દ્વારા પ્રવાસનું આયોજન કરાયું









ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે તા. ૧૮-૧૦-૨૦૧૬ ને મંગળવારે તિરુપતિ, ઊંજા અને ઐઠોર જેવા મનોરંજન અને પ્રકૃતિ સૌંદર્ય પ્રવાસનું આયોજન કરેલ જેમાં ધોરણ ૩ થી ૮ના બાળકો ભારે ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સૌપ્રથમ ઐઠોરમાં આવેલ પૌરાણિક વિષ્ણુમંદિર અને ગણપતિ મંદિરની મુલાકાત કરી તેમજ ત્યારબાદ ઊંઝા ઉમિયામાતાના દર્શન કરી ભારતીય સંસ્કૃતિની માહિતીની ઝાંખી તથા તેના ઈતિહાસની માહિતી મેળવી હતી.બપોરે તિરુપતિ ગાર્ડનમાં બાળકોએ જુદી જુદી રાઈડોમાં બેસી તથા વોટરપાર્કમાં સ્વિમિંગ કરી ભરપૂર આનંદની મજા માણી હતી.

શાળાની ચાર દિવાલોમાંથી બહાર નીકળી પ્રાકૃતિક સૌંદર્યનો અનેરો લાભ લીધો હતો.બાળકોના માતા-પિતાએ પણ આ પ્રાકૃતિક પ્રવાસના વખાણ કર્યા હતા.

# ૨૩ ઑક્ટોબરે અમદાવાદમાં 'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

આપણી માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા અભિયાન' દ્વારા ચલાવતા પ્રકલ્પો પૈકી, આપણી જૂની પેઢી પાસે જે જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી ''દાદા-દાદીનો ઓટલો'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. દર મહિનાના બીજા અને ચોથા રવિવારે પરિમલ ગાર્ડન, શાંતિનિકેતન શાળા – વેજલપુર અને વસ્ત્રાપુર લેક ગાર્ડનમાં યોજવામાં આવે છે.

ધોરણ ૨ થી ૮ સુધીના બાળકો માટે ''દાદા-દાદીનો ઓટલો'' તારીખ ૨૩ઓક્ટોબર ૨૦૧૬ નાં રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમ્યાન યોજાશે, જેમાં દાદા-દાદીઓ ગમ્મત સાથે જ્ઞાન આપતા કાર્યક્રમ રજૂ કરશે, બાળગીતો, બાળવાર્તાઓ થકી સમજ આપશે. સમાંતર વાલીનો ચોતરો અને 'વાંચે બાળ' અંતર્ગત બાળ પુસ્તક પરબ તો ખરી જ. સર્વે બાળકો અને વાલીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા સંસ્થાએ આમંત્રણ પાઠવ્યું છે.

# સમર્થ સાહિત્યકાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી

**પ્રસંગસર**
**સ્વાતિ શુક્લ**

થોડા સમય પહેલાં ટીવી પર સરસ્વતીચંદ્ર સિરિયલ ખૂબ જ લોકપ્રિય બની હતી. સરસ્વતીચંદ્ર એ ચાર ભાગમાં ગુજરાતી ભાષામાં લખાયેલી સૌપ્રથમ મહા નવલકથા છે. આ નવલકથાના સુપ્રસિદ્ધ લેખક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની આજે (૨૦-૧૦-૧૮૮૫)ના રોજ જન્મજયંતિ છે. આ નિમિત્તે ગુજરાતી ભાષાના ગાંધીયુગ પહેલાંના મહાન સર્જકને યાદ કરીએ.

શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો જન્મ ખેડામાં થયો હતો અને પ્રાથમિક શિક્ષણ મુંબઈની બુદ્ધિવર્ધક શાળામાં થયું હતું. ત્યારબાદ અંગ્રેજી ત્રણ ધોરણ નડિયાદમાં અને પછી છેક બીએ સુધી મુંબઈમાં અભ્યાસ કર્યો. તેઓએ શરૂઆતમાં ગુજરાતીમાં નહીં પરંતુ સંસ્કૃતમાં કાવ્ય લખવાનું પસંદ કર્યું હતું. સૌપ્રથમ કાવ્ય સંસ્કૃતમાં પત્ની હરીલક્ષ્મીના અવસાનથી શોકગ્રસ્ત થઈને ૧૮૭૫માં 'હદયરૂદિતશતક' લખ્યું. તેમના જીવનમાં સતત ચઢાવ ઉતાર આવવાથી સાહિત્યમાં સમાજ ભિમુખતાની સાથે સંસારની વિરક્તી પણ જોવા મળે છે.

સાહિત્ય માટેની તીવ્ર ઝંખના હોવા છતાં કૌટુંબિક પરિસ્થિતિના કારણે ૧૮૭૯માં ભાવનગરના દિવાનના અંગત સેક્રેટરી તરીકે નોકરી સ્વીકારી. ૪૦ વર્ષની વય સુધી વકીલાત અને નોકરી કર્યા બાદ આયોજનપૂર્વક સાહિત્યની સેવા માટે સમર્પિત થયા અને આ સમયગાળાની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ 'સરસ્વતીચંદ્ર' મહાનવલના પહેલા ભાગનો આરંભ થઈ ગયો હતો. આ જ અરસામાં એક બીજી મહત્ત્વની ઘટના બની. ગોવર્ધનરામે પોતાના નાના ભાઈ હરિરામ પાસે પુસ્તક પ્રકાશનની પેઢી એન એન ત્રિપાઠીની સ્થાપના કરાવી. જે આજે પણ મુંબઈમાં એક પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા તરીકે ઉજળું નામ ધરાવે છે.



૧૮૮૩થી જેની રચનાનો પ્રારંભ થઈ ગયો હતો તે સરસ્વતીચંદ્ર ભાગ-૧,૨,૩,૪ ૧૯૦૧ સુધી વિસ્તરતી રહી. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની બૃહત્કાય નવલકથા જે આશરે અઢારસો પાનાંમાં લખાયેલી છે. આ નવલકથાએ ગાંધીજી પૂર્વે ગુજરાતના શિક્ષિત સમાજ પર ઊંડો પ્રભાવ પાડ્યો એનું કારણ આ કૃતિમાં વ્યક્ત થયેલું જીવન વિષયક ઊંડું વ્યાપક ચિંતન તથા એ ચિંતનને કળારૂપ આપનારી સર્જક પ્રતિભા છે.

આયોજનબદ્ધ સાહિત્ય સર્જન કરનાર આ લેખકે સાહિત્ય સેવા માટે વકીલાતનો વ્યવસાય સમેટી લીધો. અને નિશ્ચયપૂર્વક વળગી રહ્યા. નડિયાદ આવીને વસ્યા પછી પણ કચ્છ સંસ્થા તરફથી દિવાનગીરીની મોટા પગારની નોકરીનો પ્રસ્તાવ આવ્યો, જેનો સાદર અસ્વીકાર કર્યો. ઈસ ૧૯૦૨માં તેઓ એમએના ગુજરાતી વિષયમાં પરીક્ષક નિમાયા. આ માટે મુંબઈ જતાં તેમને બે ઉત્તમ મિત્રરત્નો સાંપડ્યા. પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર અને સાક્ષર કેશવહર્ષદ ધ્રુવ. ગોવર્ધનરામનાં અન્ય સર્જનોમાં નવલરામની જીવનકથા તથા પિતૃ અંજલિરૂપ લખેલું માધવરામ સ્મારિકા.

આ ઉપરાંત ધર્મ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આદિ અનેક વિષયો પર તેમનાં ભાષણો તેમજ અંગ્રેજી અને ગુજરાતી સામયિકોમાં તેમણે લખેલાં કેટલાંક લેખો પણ ઉચ્ચ કોટિના હતા. ઈસ ૧૯૦૫માં અમદાવાદમાં પહેલવહેલી ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખપદે ચૂંટાયા હતા.

'ઓન ધ સોસાયટી એન્ડ મોરલ્સ'માં તેમણે મધ્યકાલિન ગુજરાતી કવિઓની સામાજિક અને ધાર્મિક જીવન પરની અસરનું ચિત્ર ઉપસાવ્યું છે. જ્યારે સ્ક્રેપ બૂક્સ ભાગ-૧,૨,૩ની મરણોત્તર પ્રકાશિત કૃતિમાં લેખકની અંગત નોંધો છે.

**ડાયરેક્ટ ❤ સે**

હસતા મુખે
સહતા જશું
પ્રારબ્ધનો પરિહાસ.
-ઝવેરચંદ મેઘાણી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
એમ એસ ધોની
૬.૩૦
**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
એમ એસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦
**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
એમ એસ ધોની
૩.૧૫, ૯.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ જી પ્રાથમિક શાળામાં ટાઇ એન્ડ ડાઇ પ્રવૃતિ યોજાઇ



## વિદ્યાર્થીઓએ કઠોળ તેમજ ફેબ્રિક કલરનો ઉપયોગ કરી બાંધણીના નમૂના તૈયાર કર્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ની એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૨૦-૧૦-૧૬ ના રોજ ટાઈ એન્ડ ડાઈ પ્રવૃતિ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં શાળાના ૫ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ સમક્ષ શાળાનાં શિક્ષિકા દિવ્યા પંડ્યા એ કોટન સફેદ કાપડપર ફેબ્રીક કલરનો ઉપયોગ કરી પ્રિન્ટ કરીને બાંધણી કેવી રીતે બનાવાય તેનો વિધ્યાર્થીઓ સમક્ષ ડેમો રજૂ કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓએ કઠોળ તેમજ ફેબ્રીક કલરનો ઉપયોગ કરી બાંધણીના વિવિધ નમૂના તૈયાર કર્યા હતા.

આ પ્રવૃતિ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક પ્રવૃતિનો વિકાસ થાય તેમજ ભવિષ્યમાં આર્થિક ઉપાર્જન કરી શકાય તે હેતુને ધ્યાનમાં રાખી પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.